## શ્રધ્ધાનાં ધામ

# શ્રી જશોનાથ મહાદેવ




આજની ભાગદોડભરી જીંદગી સુખ-સુવિધાઓથી ભરેલી છે. આજે માણસ જેટલુ સુખ ભોગવે તેટલુ જ અથવા તેનાથી વધારે માનસિક ચિંતાઓનો સામનો કરવો પડે છે. આજે દરેક વ્યક્તિ શારીરીક, માનસિક, આર્થિક પીડા તથા કષ્ટનો સામનો કરે છે. જયારે આવી ત્રાસદીઓથી મનુષ્ય ઘેરાય જાય છે ત્યારે બચવાનો એકમાત્ર રસ્તો ઈશ્વરી શરણ છે. ઈશ્વરના શરણથી કોઈ અધિક સુખદાતા નથી. કષ્ટના સમયે આખરે મનુષ્યના પગલાઓ આસ્થાનાં પ્રતિક સમા મંદીરોમાં દોરવાય છે. આવાજ આસ્થાના પ્રતિક સમુ મંદીર એટલે સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે આવેલ જશોનાથ મહાદેવ મંદીર.

ઈ.સ. ૧૮૨૫ પછી સંત બહારવટીયા પ્રાતઃ

સ્મરણીય જોગીદાસબાપુ ખુમાણ તથા ગંગાજળીયા ગોહિલ રાજવીને સમાધાન થાય છે. જે તે સમયે ભાવનગર સ્ટેટ દ્વારા ખુમાણોને ૧૬ (સોળ) ગામની જાગીર તથા ચોથ (રોકડ રકમ) બાંધી આપવામાં આવે છે. આ સોળ ગામો પૈકી એક ગામ એટલે દરબારશ્રી ભોકાબાપુનું હાથસણી ગામ. ભોકાબાપુ એક જ ભાઈ તથા તેમને એક જ બહેન. બહેન જશુબા. જશુબાનો સંબંધ (સગાઈ) જે તે સમયે લીલીયા તાલુકાના કુતાણા ગામના વીંછીયા પરીવારમાં થયેલ. જશુબાની જાન કુતાણા ગામેથી નિયત મંગલ મુહૂર્તે હાથસણી ગામે આવે છે. સવારના પહોરમાં વરરાજા હાથસણી ગામની દેદુમલ નદીને કાંઠે નિત્યકર્મ માટે અણવર તથા યુવામિત્રો સાથે જાય છે. સમયનું કરવું ઘણીવાર થઈ હોવા છતાં વીંછીયા દરબારના આ કુમાર વરરાજા પરત ફરતા નથી. અણવર તથા સાથે ગયેલા યુવાનો દ્વારા આજુબાજુની વખંભર નદીઓની કોચરો, નદીમાં તથા આજુબાજુનાં કાંઠા વિસ્તારમાં હાંફળા-ફાંફળા થઈ શોધખોળ કરે છે પરંતુ ભેદી સંજોગોમાં વરરાજા મળતાં નથી. ગામમાં આવી પ્રથમ જાન પક્ષને ખાનગીમાં જાણ કરે છે. જાનપક્ષનો ખાનગી કોલાહલની માંડવા પક્ષને જાણ થાય છે. આનંદ, ઉત્સવ અને હસી ખુશીનો માહોલ ઘડીના છઠ્ઠા ભાગમાં દુઃખ, આધી, ઉપાધિમાં ફેરવાઈ જાય છે. બંને પક્ષો પર દુઃખનો ડુંગર પડી ગયો. શું કરવું તેની કોઈને ગતાગમ પડતી નથી. બધા જ એકબીજાનું મોં જુએ છે પણ ઘટનાની જટીલતા જ એવી છે કે તેનો ઉકેલ મળે તેમ નહોતો. એક સમયે એકલાં જ ભાવનગર રાજયનાં ગામડાને ધમરોળી નાખતા જતીપુરૂષ જોગીદાસબાપુ ખુમાણ પણ હતોત્સાહ થઈને નિરાશામાં ગરક થઈને બેઠા છે. જશુબાએ જોગીદાસ બાપુના સગા કાકાનાં દિકરીબેન, ઘડીના છઠ્ઠા ભાગમાં બીના જ એવી ઘટી કે જાણે પગમાં મણમણની જંજીરો જકડાઈ ગઈ. કોઈનાં ચહેરા ઉપર નુર રહ્યુ નહીં. અહીં જાનપક્ષે અણવર ત્યાં યુવાનો વરરાજાએ સાચવવા આપેલી સોનાનાં મુંઠવાળી અને રૂપાનાં મ્યાનવાળી તલવાર તથા લાંછ સાથે ગમગીન ચહેરે ઉભા છે.

કોઈ-કોઈની સામે બોલવાની વિસતામાં રહ્યું નથી. અણવરને બધી જ પૃચ્છા કરવામાં આવે છે. અણવાર તથા સાથે ગયેલા યુવાનો દ્વારા



શોધખોળમાં કોઈ ખામી રાખેલ ન હોય કોઈ ઉપાય હાથ ન લાગતાં ઉતારે આવી સમગ્ર ઘટના કહીં ચૂપચાપ બેઠા છે.

જયારે માંડામાં લગ્નની વિધિ કરનાર ભુદેવને હજુ આ વાતની ખબર નથી. સપ્તપદીની તૈયારીમાં પડેલા ભૂદેવ શુભમુહૂર્ત જોઈ કન્યાપક્ષ દ્વારા જાનપક્ષને વરરાજાને તોરણ લાવવા (વરઘોડા) માટે સમાચાર કહેરાવે છે. એકબાજુ વરરાજા ગૂમ થયાની ઘટના અને ત્યાં જ વરઘોડાનાં સમાચાર મળતા જ ડાયરામાં જાણે વ્રજપ્રહાર થાય છે. સમજુ માણસો દ્વારા જે બીના ઘટી તે વાત માંડવામાં જણાવવા કહ્યું. રાજપુરોહીતનો રંગ ઉડી ગયો. વાત ધીમે-ધીમે ગઢમાં પહોંચી ગઈ. જયાં મંગલ ગીતો ગવાતા હતા ત્યાં સુનકાર વ્યાપી ગયો. ગીતો બંધ થઈ ગુપચુપ શરૂ થઈને સ્ત્રીવર્ગના ચહેરા ઉપર ચિંતાની લકીરો ઉપસી આવી. વાત મૂળ ઠેકાણે પુગી. જસુબાને ખબર ડી પણ કોઈ વધુ ખુલાસો કરીને કહેવા શબ્દો જડતા નથી. મૌન તોડતા જશુબાએ જ પૂછયું, ફુઈબા શું વાત છે ? જે કંઈ બન્યું હોય તે મને કહો. રૂાખરે વરરાજો ગુમ થયો છે, શોધખોળ ખુબ જ કરેલ પરંતુ તેની ભાળ મળેલ નથી. ખૂબ જ કઠોરતાથી બનેલ ઘટના વિશે જશુબાને કહેવું પડે છે. દુઃખ, વિપત્તી કે સંકટમાં પણ ક્ષત્રિયાણી ડગે નહીં ના ન્યાયે દરેક સ્ત્રીવર્ગ હવે શું પ્રતિક્રીયા આપે છે તેની રાહ જુએ તે પહેલાં જ જશુબા મૌન તોડતાં મર્યાદા, વિનમ્રતાથી કહે છે કે, વરરાજાનાં ખાંડા (તલવાર) સાથે હું ફેરા ફરીશ. ભગવાન સૂર્યનારાયણ લાજ રાખશે જાવ. ડાયરા પક્ષમાં સમાચાર કહેરાવો.

જોગીદાસબાપુને સમાચાર મળ્યા કે બેનબા ખાડા સાથે ફેરા ફરવાનો નિર્ણય કર્યો છે. ડાયરામાં થોડોક જીવમાં જીવ આવ્યો પણ ચિંતા હલતો નથી થઈ તે સૌ પુરૂષવર્ગ જાણતો હતો.

જોગીદાસબાપુના હૈયે ટાઢક ફરી વળી. વાહ બેન વાહ, ભારતીય આર્યનારી ભગવાન સૂર્યનારાયણે રસ્તો સુજાડયો. જાનપક્ષે સમાચાર મળ્યા. ખાંડુ તૈયાર કરો. માંડવાપક્ષેથી સમાચાર મોકલેલ છે કે બેનમાં ખાંડા સાથે ચોરીના ફેરા ફરશે. વરરાજો ગૂમ થયેલ છે તેનું દુઃખ છે પરંતુ આદરેક કાર્ય કરવું પડે તેમ છે માની કુતાણાના વીછીયા દરબારો જાનપક્ષે તોરણ ચઢાવવાની (વરઘોડા)ની તૈયારીમાં લાગ્યા. બેન જશુબાએ ત્વરીત શાણપણથી સમજી વિચારી લીધેલ



નિર્ણયથી હાથસણી માંડવા પક્ષે ખુમાણ પરીવારમાં થોડોક હાશકારો થયો.

ચિંતાના વાદળો હાલ પુરતા તો વિખેરાઈ ગયા. વરઘોડો ખાંડા સાથે તોરણ આવે છે. હાથસણીની બજારોમાં શરણાઈ તથા ઢોલના સૂરે ખાંડુ તોરણ આવે છે. વિપ્ર વર્યોના મંગલ મંત્રોચ્ચાર થવા લાગ્યા. કાઠી ક્ષત્રિય સમાજમાં જે મર્યાદાની રીત-રસમથી સપ્તપદીની તમામ વિઘી ખાંડા સાથે પૂર્ણ કરવામાં આવે છે. જસુબાને માંડવાપક્ષ હાથસણી ખુમાણ કુટુંબ દ્વારા ભારે હૈયે વળાવવામાં આવે છે. જશુબાએ આમ જાન અને માંડવાપક્ષની આબરૂ રાખી વેલડામાં બેસી ગયા. જાન કુતાણા ગામે પ્રસ્તાન કરી ગઈ. જયારે બીજીબાજુ વરરાજાની શોધખોળ શરૂ રાખી, વરસદીના



વહાણા વાઈ ગયા પણ ક્યાંય પતો મળ્યો નહીં. જશુબાએ નેકા, ટેકી, મર્યાદાનો મંત્ર ઝડપી લઈ ફક્ત ભગવાન સદાશિવમાં મન પરોવી સમગ્ર જીવન શીવમય બનાવી દીધું. એક વર્ષ શ્વસૂરપક્ષે રહયા. સમગ્ર જીવન ભક્તિમયે રંગી દીધું. પિતૃપક્ષ તથા શ્વસૂરપક્ષની આબરૂને ઉજળી કરી બતાવી.

ભાઈ લોકાબાપુનું હાથસણી મુકામે મૃત્યુ થયું. સમાચાર મળતા જ તરત જ શ્વસૂરપક્ષની સંમતિ લઈ પિતૃગૃહે આવે છે અને ત્યારબાદ આજીવન હાથસણી ગામે જીવન પસાર કરે છે. સમગ્ર દિવસ ભોળાનાથની ભક્તિથી બાકીનું જીવન ખૂબ જ મર્યાદા, વિનય, વિવેક તથા ભક્તિથી પસાર કરે છે. સાથે સાથે ગઢમાં રહીને ત્રણ ભત્રીજાઓને મોટા કરતા જઈ હાથસણી, મીતીયાળા અને કેદારીયા એમ ત્રણ ગામનાં ગીરાસનો વહીવટ ઉપર પણ ગઢમાં રહીને નજર રાખતા ત્રણેય ભત્રીજાઓને મોટા કરીને સમગ્ર ગીરાસનો વહીવટ તેને સોંપે છે. ત્યારબાદ જશુબાનું સંપૂર્ણ જીવન શીવમય બની ગયું. સમગ્ર દિવસ શિવપૂજામાં પસાર કરવા લાગ્યા. વરસો વીતતા જશુબાના મગજમાં ભોકાબાપુ (પોતાના ભાઈ)ની સ્મૃતિ કાયમ જઈવાઈ રહે તે માટે હાથસણી ગામે શિવાલય બનાવવાનો વિચાર આવ્યો. ગામના મધ્યે શુભમુહૂર્તમાં શિવમંદિરના બાંધકામનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. જશુબા ગઢમાં રહીને પણ આ કામ ઉપર સતત નજર રાખતા. થોડા સમય બાદ બાંધકામ પૂર્ણ થાય છે. જશુબા દ્વારા બ્રહ્મદેવતાઓને ગઢમાં બોલાવવામાં આવે છે. ભોળાનાથની પ્રતિષ્ઠા માટે મુહૂર્ત લેવામાં આવે છે. યજ્ઞયાગની તૈયારીઓ થવા લાગે છે. સમગ્ર ગામમાં કોઈ દિવ્યઆનદંની અનુભૂતિ થઈ રહી છે. ખોબા જેવડા હાથસણી ગામમાં આનંદમંગલ છવાઈ ગયો. સમય નજીક આવી ગયો. શિવાલયની પ્રતિષ્ઠાનાં નક્કી કરેલ શુભ દિવસે પૂજન, અર્ચન, અભિષેક જેવી ધાર્મિક વિધિઓ થઈ. વાજતે ગાજતે જલયાત્રા કાઢવામાં આવી. તમામ શાસ્ત્રોક્ત વિધિઓ સંપન્ન થઈ. ભોળાનાથની પ્રતિષ્ઠા કાર્ય પૂર્ણ થયું. હવે ફક્ત પાષાણકળશ (ઈંડુ) ચડાવવાની વિધિ જ બાકી રહી. કુશળ કારીગરો દ્વારા ઈંડુ (પાષાણકળશ) ભોળાનાથના મંદીર ઉપર ગોઠવવાનું કાર્ય શરૂ કર્યું. પણ આ શું ? કેમેય કરીને અનેક પ્રયત્નો છતાં ઈંડુ સીધુને બદલે ત્રાંસુ જ રહેતુ હતું. કારીગરો થાકી ગયા. બ્રહ્મદેવતાઓ તથા ગ્રામજનો વિચારમાં પડી ગયા. બ્રહ્મદેવતાઓએ કશીય કચાશ રાખેલ ન હોય છતાં પ્રતિષ્ઠાનાં અંતિમચરણમાં આવેલ વિઘ્નથી મુંજાય ગયા. હવે શું કરવું ? નો ભાવ ઉપસી આવ્યો. આખરે ના છુટકે ગઢમાં જશુબાને સમાચાર મોકલવામાં આવે છે કે મંદીર ઉપર કળશ (ઈંડુ) કેમેય કરીને સીધુ થતુ નથી, અને ઈંડુ સહેજ ત્રાંસુ રહે છે. સમાચાર મળતા જશુબા ચિંતામાં ગરક થઈ ગયા. પરંતુ તરત જ ચિંતા ખંખેરી જાણે મગજમાં કોઈ વીજળીનો ચમકારો થયો હોય તેમ ઉભા થયા. પોતાના પૂજા-અર્ચન ખંડમાં જાય છે. ભગવાન શિવની મૂર્તિ આગળ બે-હાથ જોડી આંખો બંધ કરી મનોમન પ્રાર્થના કરી હે શિવ, દેવાધિદેવ મહાદેવ મારાથી મન, વચન, કર્મથી કોઈ તારો અપરાધ થયો હોય, સમગ્ર જીવન દરમિયાન નિંદ્રા અવસ્થામાં પણ કોઈ અપરાધિક વિચાર આવેલ હોય, જીવનપર્યંત મારા વહીવટમાં કોઈપણ ગ્રામજનને અન્યાય કર્યો હોય, અણુ જેટલી પણ નીતિ છોડી હોય, આપની પૂજા-અર્ચનામાં કોઈ ભુલ થયેલ હોય અને સ્વપ્નમાં પણ આપની ભક્તિ, પૂજનના વિચાર સિવાય અન્ય કોઈ વિચાર આવેલ હોય,

અને યુવાવસ્થામાં પિયરપક્ષે પરત આવી આપની ભક્તિને જ જીવન બનાવી લીધુ હોય તો શિખર ઉપર રહેલ ઈંડુ સીધુ થઈ જાય. આમ બે હાથ જોડી નતમસ્તક બંધ આંખો ખોલી ઉભા થયા. ગઢમાંથી માં જશુબાએ સમાચાર કહેવરાવ્યા કે જશુબા પોતે શિવાલયે આવે છે. આ સમાચાર બ્રહ્મદેવતાઓને તથા કડીયાઓને મળતા જ જીવમાં જીવ આવ્યો. જયારે જશુબા પોતે મંદીરે પધારે છે એ વાત ગામમાં વાયુવેગે પ્રસરી જતાં જ માંના દર્શન કરવાં ગામલોકોની મંદીર આજુબાજુ મેદની એકઠી થઈ ગઈ. કેમકે જશુબા પિયરગૃહે આવ્યા બાદ સમગ્ર જીવન ગઢમાં જ પૂજન-અર્ચનમાં વિતાવતા હોય આટલા વર્ષોના વ્હાણા બાદ માંના દર્શન થશે તેમ માની સમુદાય ઉમટવા માંડયો. અકડેઠઠ મેદનીની નજર ફકત ગઢ તરફ મંડાયેલી હતી કે કયારે માં ગઢમાંથી નીકળે અને આ આંખો પાવન થઈ જાય.

એ ઘડી પણ આવી ગઈ. માં ગઢમાંથી જેવા બહાર નીકળ્યાં જાણે કોઈ જગદંબા પગરવ માંડી રહી છે. મર્યાદાથી ડગ માંડતા જેમ-જેમ આગળ વધતાં જાય છે તેમ-તેમ બજારની બંને બાજુ કતારબંધ ઉભેલો સમુદાય બે હાથ જોડી માથુ નમાવી, મા નારણ, મા નારણ કહેતાં ધરાતો નથી. હાથસણી ગામનાં લોકો આજે માં નાં દિવ્યશક્તિસ્વરૂપ દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. માંના દર્શનનો પ્રથમવાર લાભ મળેલ હોય તથા ગામમાં શિવાલયની પ્રતિષ્ઠાનો શુભ અવસર હોય લોકો પોતાને આ પવિત્ર ઘડીનાં સાક્ષી બન્યા હોય પોતાનાં જીવનને ધન્ય ગણવા માંડયા.

જસુબા ધીમી ચાલે ભગવાન શિવ સમક્ષ આવી બે હાથ જોડયાં. આંખો બંધ કરી મનોમન પ્રાર્થના કરી ગામ લોકો, ભૂદેવ તથા કડીયાઓ હવે પછી શું થશેની ઈંતેજારી હતી. વાતાવરણમાં એકદમ શાંતિ પથરાઈ ગઈ. થોડીવાર પહેલા જે કોલાહલ હતો તેની જગ્યાએ અત્યારે એકદમ સ્તબ્ધતા હતી.

કડીયાઓને કહો કે કામ આગળ શરૂ કરે. એકદમ શાંત, નિરવતાભર્યા વાતાવરણ ચિરતો અવાજ સભંળાણો. લોકો જાણે નિંદ્રાવસ્તામાંથી જાગી ગયા તેવું લાગ્યું. માંના શબ્દો હવામાં ઘુમરાવા લાગ્યા. એવું લાગ્યું કે જાણે માંની પ્રાર્થનાનાં શબ્દો કૈલાસમાં પહોંચી ગયા. લોકોની અચરજ, નવાઈ વચ્ચે ચમત્કાર થયો. જે કળશ (ઈંડુ) ત્રાંસુ રહેતુ હતુ એ જ ઈંડુ ઘડીના છઠ્ઠા ભાગમાં સીધુ થઈ ગયું. ફકત કુશળ કારીગરો જ નહીં ગામલોકો તથા બ્રહ્મદેવતાઓ પણ આ ચમત્કાર મૂક બની જોઈ રહયા. અચંબાનો કોઈ પાર ન રહયો. માં જશુમાએ પુનઃ બે હાથ જોડયા. ભગવાન શિવના ચરણમાં વંદન કરી પાછા પગલે આવ્યા એ જ ધીમી મર્યાદા ભરી ચાલે ગઢ તરફ પ્રસ્થાન કર્યું. ત્યારબાદ માંએ પોતાના ભાઈનાં સ્મરણાર્થે બંધાવાયેલ શિવાલય આજે પણ હાથસણી ગામનાં ચોકમાં માંના નામ ઉપરથી જ જશોનાથ મહાદેવ મંદીર ઈતિહાસના સાક્ષી પુરતુ તથા ભવ્ય ભૂતકાળનો વારસો લઈ અડીખમ ઉભુ છે. આ ઘટનાને વરસોના વાયરા વહી ગયા છે પરંતુ આજે પણ ફકત કાઠી-ક્ષત્રિયો જ નહીં પરંતુ સમગ્ર ગામલોકો માટે જશોનાથ મહાદેવ મંદીર આસ્થા-શ્રધ્ધાનું કેન્દ્ર છે.

આજે પણ બહારગામનાં જે ભાવિકો આ મંદિરનો ભવ્ય ભૂતકાળનો ઈતિહાસ જાણે છે તેઓ અચૂક આ મંદિરના દર્શન કરવાનું ચુકતા નથી. જય જશોનાથ મહાદેવ.

ખાસ નોંધ : (૧) આજે પણ હાથસણી ગામે ભોકાબાપુ ખુમાણની છઠ્ઠી પેઢી તરીકે ખુમાણો અહીં વસવાટ કરે છે. (૨) ઈ.સ. ૧૯૭૪ માં આ પ્રસંગને લોકકથારૂપે આઈ જશુમાની વાર્તાને આકાશવાણી અમદાવાદ ઉપરથી માનનીય સ્વ. કાનજીભાઈ બારોટે (કાનજી ભુટા બારો) રજૂ કરેલ. (૩) ધારી તાલુકાના ચલાલા ગામનાં સ્વ. લેખક રજનીભાઈ પાઠકે રાજકોટથી પ્રસિધ્ધ થતા ઉર્મિનવરચના પત્રિકામાં પણ જે તે સમયે આ વાર્તાને આલેખેલ. (૪) ભાવનગર રાજયનાં દિવાનશ્રી ગગાઓઝા જયારે આ કુંડલા મહાલનાં વહીવટદાર હતાં ત્યારે તેમણે આ ઐતિહાસિક મંદીર વિશે જાણ્યાં બાદ જયારે પણ તેઓ સાવરકુંડલા આવતા ત્યારે સાવરકુંડલાથી હાથસણી જશોનાથ મહાદેવનાં દર્શન કરવા બળદગાડામાં બેસી કુટુંબ સહિત પધારતાં. (૫) પ્રસંગોપાત કુંડલા થાણે આવતા ભાવનગર સ્ટેટનાં પોલીસ-અધિકારીશ્રી છેલભાઈ દવે પણ આ મંદિરે માથુ ટેકવી જતાં.

- ખુમાણ દિલુભાઈ એમ. (હાથસણી), તા. સાવરકુંડલા.